# શામળાજી પાસે મેશ્વો નદીના પુલ પરથી ટ્રક નીચે પટકાઈ : ડ્રાયવરનું ઘટનાસ્થળે મોત

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી નજીકથી નેશનલ હાઈવે નં. ૮ પર મોહનપુર ગામની પાસે મેશ્વો નદિના પુલ પરથી ૬૦ ફૂટ નીચે અહીંથી પસાર થતી ટ્રક ખાબકી હતી. જેમાં ટ્રક ચાલકનું ટ્રકના નીચે દબાઈ જવાથી ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે ક્લીનરના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ સારવાર અર્થે દવાખાને ખસેડવામાં આવ્યો હતો.


(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

ભિલોડા તાલુકાના શામળાજી નજીક મોહનપુર ગામ નજીક એક વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. ટ્રકચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક મેશ્વો પુલ પરથી સીધી ૬૦ ફૂટ જેટલી ઊંડી ખાઈમાં ખાબકતાં ડ્રાયવરનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. રાજસ્થાન તરફથી મુંબઈ જઈ રહેલો ટ્રક ચાલક શામળાજીના મોહનપુર નજીક આવેલી મેશ્વો નદીના પુલ પરથી નીચે પટકાયો હતો. ટ્રકની ઝડપના લીધે પુલ પર રહેલા ડિવાઈડ તોડી નીચે ખાબકતાં ડ્રાયવરનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. અકસ્માતના પગલે દોડી આવેલી શામળાજી પોલીસે બચાવની કામગીરી હાથ ધરી ખાઈમાંથી ભારે જહેમત બાદ ક્લીનરને બહાર કાઢી બચાવવામાં સફળ રહી હતી. અકસ્માતથી ઘવાયેલા ટ્રકના ક્લીનરને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે દવાખાને ખસેડવામાં આવ્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં ગાજવીજ સાથે વાવણીલાયક વરસાદ

## મોડાસાના દધાલિયા ગામે અતિભારે વરસાદથી ૨ કાચા મકાનો ધરાશયી

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લામાં બુધવારથી મેઘરાજાએ પધરામણી કરી છે. વરસાદના બીજા જિલ્લામાં કેટલાક વિસ્તારોમાં ઝરમર વરસાદ વરસવાનુ સતત ચાલુ રહેતા ધીમા ધારના વરસાદથી ખેડૂતોને મન કાચુ સોનુ વરસ્યુ છે, જ્યારે શનિવારની રાત્રે મોડાસા શહેર અને મોડાસા તાલુકાના ગામડાઓમાં ગાજવિજ સાથે વરસાદ ખાબક્યો હતો. મોડાસાના દધાલિયા ગામમાં સતત વરસાદથી બે કાચા મકાનો ધરાશાયી થતાં તરાર પરિવારની હાલત કફોડી બની ગઈ છે.

અરવલ્લી જિલ્લામાં ચોમાસાની સીઝન ૧૭ જૂનથી ૨૫ જૂન સુધી મેઘરાજાએ પધરામણી કરી હતી. ત્યાર બાદ એક મહિના સુધી અરવલ્લી જિલ્લામાં વિરામ લીધા બાદ મેઘરાજાએ બીજા રાઉન્ડમાં ધીમીધારે વરસાદ વરસવાની સાથે અમુક વિસ્તારોમાં ધમાકેદાર એન્ટ્રી કરતાં વાવણીલાયક વરસાદ થતા જગતના તાતના હૈયે ઠંડક પ્રસરી છે. આજે રવિવારે વહેલી સવારથી જ મેઘરાજાએ ઝરમર ઝરમર વરસાદની સાથે બપોરે ગાજવિજ સાથે મેહુલીયો વરસતાં રવિવાર રજાનો દિવસ હોવા છતાં પોતાના ઘરોમાં નજરકેદ રહેવુ પડ્યું હતું. ત્રણ દિવસથી વરસાદ વરસતાં જિલ્લામાં વિજકરંટના બનાવો અને વિજકરંટથી મોત નિપજવાના બનાવો બનવા પામ્યા છે. મોડાસા શહેરની ઓધારી નગર નજીક આવેલી ગણેશ સોસાયટીમાં શનિવારે સાંજના ૮ વાગ્યાના સુમારે વીજપોલ નજીકથી પસાર થતા ગાયોના ટોળાને વીજકરંટ લાગતા ૩ ગાયો પટકાઈ હતી. જેમાં ૧ ગાયનું ઘટનાસ્થળે મોત નિપજતાં હિન્દુ સમાજમાં રોષ ફેલાયો હતો.


(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા શહેરના વિસ્તારોમાં નીચાણવાળા ભાગોમાં અનેક જગ્યાએ પાણી ભરાયા હતા. મોડાસા તાલુકાના દધાલિયા ગામે શનિવારે રાત્રે ધમાકેદાર ગાજવીજ સાથે ભારે વરસાદ થતાં દધાલિયા ગામના ભીખાભાઈ માધાભાઈ તરારના બે કાચા મકાનો ધરાશયી થતાં પરિવારજનો પર આભ તુટી પડ્યુંહતું. સદનસિબે ઘરમાં હાજર પરિવારનો આબાદ બચાવ થયો હતો. ઘરની બધી જ સામગ્રી તેમજ ઘરમાં રહેલા રાચરચીલા અને ઘરવપરાશની વસ્તુઓ કાટમાળ નીચે દટાઈ જતાં પરિવારની હાલત કફોડી બની ગઈ હતી. તેમજ એક રાવળ પરિવારનું કાચુ મકાન ધરાશાયી થતાં પરિવારો ઘરવિહોણા બની ગયા હતા. ત્યારે દધાલિયા ગામના ગ્રામજનોએ આ બન્ને ગરીબ પરિવારોને સરકાર તરફથી સહાય ચૂકવવામાં આવે તેવી માંગ કરી હતી.

# હિંમતનગર, પોશીના અને વિજયનગરમાં વાવણીલાયક વરસાદ

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર, તલોદ, પોશીના અને વિજયનગર સહિતના અન્ય સ્થળે વાવણીલાયક વરસાદ થવાને કારણે ખેડૂતો ખેતી કામમાં જોતરાઈ ગયા છે. શનિવારે બપોર બાદ હિંમતનગરમાં વરસાદનું ભારે ઝાપટુ પડતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે વાહન ચાલકો અને રાહદારીઓને અવરજવર કરવામાં મુશ્કેલી પડી હતી.

ડીઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી શનિવારે દિવસ દરમ્યાન હિંમતનગરમાં ૧૯, પોશીનામાં ૧૧, તલોદમો ૧૩, વિજયનગરમાં ૧૦, વડાલીમાં ૭, ઈડરમાં ૪, ખેડબ્રહ્માં ૫ અને પ્રાંતિજમાં ૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં અત્યાર સુધી મોસમનો સૌથી વધુ વરસાદ ખેડબ્રહ્મા તાલુકામાં ૪૨૬ મીમી નોંધાયો છે. જ્યારે સૌથી ઓછો વરસાદ તલોદ તાલુકામાં ૧૮૫ મીમી પડ્યો છે. જો કે શનિવારે આખો દિવસ આકાશ વાદળછાયુ રહ્યું હોવાને કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ રહેતા લોકોએ બાફ અને ઉકળાટનો અનુભવ વધુ સહન કરવો પડ્યો હતો. ઈડર તાલુકાના બડોલી પંથકમાં આવતા બડોલી, ભાણપુર, વડીયાવીર, ગોરલ, કાનપુર, રેવાસ, ગાંઢિયોલ જેવા ગામોમાં શનિવારે વહેલી સવારથી જ વરસાદી ઝાપટા શરૂ થઈ ગયા હતા. જેના કારણે આ પંથકના ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી છે. અગાઉ બડોલી પંથકમાં વરસાદ ન પડતા ખેડૂતોના જીવ અધ્ધર થઈ ગયા હતા. પરંતુ શનિવારે સવારે વરસાદી માહોલ જામી ગયો હતો. હિંમતનગરના ગાંભોઈ પંથકમાં શનિવારે વહેલી સવારે ધીમી ધારે વરસાદ પડ્યો હતો. રાયગઢ, રૂપાલ, ખેડ, આગીયોલ, નિકોડા વગેરે ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદના આગમન સાથે ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી છે. ગ્રામ્ય ખેડૂતોએ ઘેર ઘેર લાપસીના ઓંધાણ મુકી દૂધ અને ફૂલના છાંટણા કરી મેઘરાજાને વધાવી આનંદ વ્યક્ત કર્યો હતો. પોશીના અને દેલવાડા (છો) સહિતના સરહદી વિસ્તારોમાં ત્રણ દિવસના વિરામ બાદ શનિવારે સવારે ફરીથી વરસાદ શરૂ થયો હતો. જેના કારણે ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી છે. પોશીના ઉપરવાસમાં થયેલા વરસાદને કારણે સેઈ નદીમાં પાણીનું વહેણ શરૂ થયું હતું. ખેતીલાયક વરસાદ થવાને કારણે આ વિસ્તારના ખેડૂતો વાવણીના કામમાં જોતરાઈ ગયા છે. વિજયનગર તાલુકાના ખેરવાડા-વણજના જંગલમાં શનિવારે પડેલા વરસાદના પગલે નીચલા પટ્ટામાંથી પસાર થતી ભુણ્ણુ નદી પ્રથમવાર બે કાંઠે વહેલા માંડી હતી. વદરી નદીમાં પણ નવા નીર આવ્યા હતા. આ બંને નદીઓ અંદ્રોખા આશ્રમ પાસેની હરણાવ નદીમાં ભળતી હોવાથી ત્યાં પણ નવા નીર આવ્યા હતા. નદીમાં પાણી આવવાના પગલે આ વિસ્તારના બોર-કૂવાઓમાં પાણીના તળ ઊંચા આવ્યા છે.

## પ્રાંતિજ પોલીસની દાદાગીરી

# રાત્રીના સમયે વેપારીને માર મારી ગાળો બોલી ખાખી વર્દીનો રોપ જમાવ્યો

## અમદાવાદથી ઘરે આવતાં વેપારીને પોલીસ ખલનાયકની જેમ પુછતાછ કરી અપશબ્દો બોલી ટપલીદાવ કર્યો

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજ ખાતે રોજીંદુ અપડાઉન કરી રાત્રીના સમયે શાકભાજીનો વેપાર કરતાં વેપારીને પોલીસે ગુનેગારની જેમ વર્તન કરી અપશબ્દો બોલી માર મારતા લોકોમાં પોલીસની ભૂમિકા ખલનાયકની જેમ ઉપસી આવી છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે રહેતા જીગ્નેશભાઈ પ્રહલાદભાઈ ખમાર કે જેવો વર્ષોથી બાબદાદાનો શાકભાજીનો ધંધો કરે છે અને તેવો રોજીંદુ અપડાઉન કરી પોતાના પીકઅપ ડાલામાં અમદાવાદથી અવનવી શાકભાજીની વેરાઈટીઓ ખરીદી કરીને રોજ રાત્રીના બે વાગ્યાના સમયની આસપાસ આવતાં હોય છે અને સવારે પોતાની દુકાન ઉપર સજાવટ કરીને વેપાર કરે છે.

ત્યારે ગઈ રાત્રીએ પોતે તેવો પોતાની ગાડી પીકઅપ ડાલુ સોસાયટીમાં ખાડા પડી ગયા હોવાથી સોસાયટીના મુખ્ય ગેટ આગળ ગાડી મુકી પોતાના મકાન તરફ જઈ રહ્યા હતા તે દરમ્યાન પ્રાંતિજ પોલીસ રાત્રીના રાઉન્ડમાં નિકળતા વેપારી જોડે ગુનેગારની જેમ પુછતાછ કરી તેની જોડે મા-બહેન સામેની ગાળો બોલી ખાખી વર્દીનો રોપ જમાવી તેને માર મારતા સવારે સોસાયટીના રહીશો તથા વાત વાયુ વેગે પ્રસરી જતા પોલીસની દમણગીરી લોકોને ખબર પડતાં લોકોમાં પ્રાંતિજ પોલીસની છબી ખલનાયકની જેમ ઉપસી આવી છે.

ત્યારે જો પોલીસે વેપારીને ખરેખર પ્રેમથી પુછતાછ અથવા ઘરમાંથી કે સોસાયટીમાંથી બીજા કોઈ વ્યક્તિનો પણ સંપર્ક કર્યો હોત તો નાનુ છોકરૂ પણ વેપારીને ઓળખી જાત અને કહી દેત કે આ તો અમારી સોસાયટીના જીગ્નેશભાઈ છે. ત્યારે પોલીસ જ્યારે તસ્કરો કે ચોરોને પકડવામાં પુરેપુરી નિષ્ફળ રહી છે ત્યારે બીચારા આવા વેપારીઓ ઉપર માત્ર વર્દીનો રોપ જમાવ્યા સિવાય કશું દેખાતુ નથી. અને પ્રજાને હેરાન કરી જાણે અમે રાત્રીના રાઉન્ડ દરમ્યાન કેવી ચોકી કરીએ છીએ તે આવી ઘટનાથી સાબીત કરવા માંગતા હોય તેવું હાલ તો પ્રાંતિજવાસીઓને જણાઈ આવે છે.

# પાદરામાં વીજ કરંટથી પત્નિને બચાવવા જતા પતિનું મોત

મોડાસા, તા. ૨૬

મોડાસા તાલુકાના પાદરા ગામે શનિવારના રોજ ગામના રશીદાબેન કપડા ધોઈ તાર પર સુકવતા હતા ત્યારે તારમાંથી પસાર થતો કરંટ રશીદાબેનને લાગતા તેમણે બુમરાણ મચાવી દીધી હતી ત્યારે તેમને બચાવવા તેમના પતિ મુકેશસિંહ ભાથીસિંહ રાઠોડ દોડી આવ્યા હતા અને પોતાની પત્નીને બચાવવા જતાં જ મુકેશસિંહ (ઉ.વ.૩૫)નું ઘટના સ્થળે જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. જયારે ઈજાગ્રસ્ત રશીદાબેનને મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતાં.


(તસવીર : જય અમીન, મોડાસા)

## રાયગઢ નજીક વોલ્વો લકઝરીએ ગોથુ માર્યુ

નેશનલ હાઈવે ૮ પર આવેલા રાયગઢ ગામ નજીક શનિવારના રોજ સાંજના સુમારે અમદાવાદ બાજુથી નીકળી શામળાજી બાજુ જતી વોલ્વો લકઝરી નંબર યુપી૭૫એમ ૮૨૨૫ રોડ પરથી નીચે ઉતરી જતાં રોડની સાઈડમાં પલટી મારી હતી. જ્યારે લકઝરીમાં અંદાજે ૫૦ થી ૬૦ જેટલા મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા. જેમાંથી કેટલાક મુસાફરોને સામાન્ય નાની મોટી ઈજાઓ થઈ હતી. જો કે સદનસીબે મોટી દુર્ઘટના થતાં રહી ગઈ હતી. ઘટનાની જાણ થતા ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

# દાદરડા અને વડાલીમાં છેડતી કરાતા ૯ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના દાદરડા અને વડાલીની સીમમાં શુક્રવારે અજાણ્યા શખ્સોએ બે મહિલાઓની છેડતી કરતા નવ જણા વિરૂદ્ધ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

દાદરડા ગામે રહેતા ચેતનાબેન સંજયભાઈ દેસાઈ તથા સોનબેનની છેડતી કરવા માટે સંજયસિંહ વખતસિંહ ઝાલા, કિરણસિંહ જગતસિંહ ઝાલા, સંગ્રામસિંહ ભરતસિંહ ઝાલા અને જાલમસિંહ રતનસિંહ ઝાલાએ પ્રયાસ કર્યો હતો. જેથી તેમને સંજયભાઈ તથા લાલજીભાઈએ ઠપકો આપતા દેવુસિંહ નીરૂસિંહ ઝાલા, નવલસિંહ અદેસિંહ ઝાલા, રાજેન્દ્રસિંહ કાળુસિંહ ઝાલા તથા દાદુસિંહ વખતસિંહ ઝાલાએ છુટા પથ્થરો મારી ઈજા પહોંચાડી હતી. જેથી ચેતનાબેને આઠ જણા વિરૂદ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેજ પ્રમાણે વડાલીની સીમમાંથી પસાર થતા હીનાબેન નટવરભાઈ ખાંટનો નજરીયા તળાવ પાસે અતુલભાઈ રાજુભાઈ થોરીએ પીછો કરી છેડતી કરવાનો પ્રયાસ કર્યો હતો. જેથી હીનાબેને શુક્રવારે વડાલી પોલીસ સ્ટેશનમાં અતુલભાઈ થોરી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.


(તસવીર : મુકેશ ડામોર, ઈસરી)

## મેઘરજ બીઆરસી ખાતે જિલ્લા કક્ષાની એસએમસી સશકિતરણ તાલીમ યોજાઈ

મેઘરજ બીઆરસી ખાતે ગત તારખ ૨૩ અને ૨૪ના રોજ અરવલ્લી જિલ્લાના ૬ તાલુકાના ૬ બીઆરસીઓ અને ૧૦૨ સીઆરસીની બે દિવસની જિલ્લા કક્ષાની એસએમસી સશકિતકરણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના ઝેન્ડર કો ઓર્ડીનેટર નિલમબેન પટેલ ઓઆઈસીડીટી મહેશભાઈ બુનાતર હાજર રહી એસએમસી સશકિતરણ વિશે માહિતી આપી હતી તેમજ તાલીમના બીજા દિવસે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને મેઘરજ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરું પાડયું હતું.

# વરસાદી પાણીસંગ્રહ કરી આખું વર્ષ ચલાવતો મોડાસાનો પરિવાર

મોડાસા, તા. ૨૬

ભૂગર્ભ જળ ઉંડા જતાં વિશ્વભરમા ચિંતા થઈ રહી છે. આ માટે વરસાદી પાણીનો સંગ્રહ કરી તેનો ઉપયોગ કરાય તે શ્રેષ્ઠ વિકલ્પ છે. પરંતુ આ વૈશ્વિક સમસ્યા પર લોકો ગંભીર નથી ત્યારે મોડાસામાં એક પરિવાર છેલ્લા પાંચ વર્ષથી વરસાદના પાણીનો સંગ્રહ કરી તેનો રોજીંદા જીવનમાં ઉપયોગ કરે છે. ઘરે બનાવેલ ૧૩ હજાર લીટરના ટાંકામાં દેશી રીતથી પાણી ફિલ્ટર કરી સંગ્રહ કર્યા બાદ આખુ વર્ષ આ પાણી પીવા તેમજ રસોઈ બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે.

સોરાષ્ટ્રના દરિયા કિનારાના ગામો તેમજ રાજસ્થાનના બાડમેર વિસ્તારમાં ખારુ પાણી મળતુ હોય લોકો વરસાદના પાણીનો સંગ્રહ કરી તેનો ઉપયોગ કરે છે.જો કે ભૂગર્ભ જળ ઉંડા જઈ રહ્ના હોય આગામી વર્ષોમાં ફરજિયાત આ રીતે પાણીનો સંગ્રહ કરવો પડે તેવી સ્થિતી પેદા થાય તો નવાઈ નહી.ત્યારે મોડાસાના એક પરિવારે છેલ્લા પાંચ વર્ષથી આ અભિગમ અપનાવ્યો છે.મેઘરજ રોડ પર આવેલી જીવન જયોત સોસાયટીમાં રહેતા રજનીભાઈ પટેલનો પરિવાર આખુ વર્ષ વરસાદી પાણીનો જ ઉપયોગ કરે છે.ચોમાસા દરમિયાન ધાબા પર પડતુ વરસાદી પાણી ટાંકામાં સંગ્રહ કરી તે વપરાશમાં લેવામાં આવે છે.


### ટાંકામાં ચૂનાની માટલી મૂકી પાણી શુદ્ધ રખાય છે

પાણીની ગાળણ ક્રિયા માટે રેતીના ત્રણ જુદા જુદા પડ મુકવામાં આવ્યા છે. જેમાં ગાળણ થઈ કુદરતી મીનરલ પાણી તૈયાર થાય છે. બાદમાં આખું વર્ષ પાણી શુધ્ધ રહે તે માટે ટાંકામાં ચૂનો ભરેલી માટલી મુકી દેવામાં આવે છે જેના કારણે માટી કે અન્ય કચરો નીચે ઠરી જાય છે.

### આ પાણીથી રોગો થતા નથી

જિલ્લામાં પાણીમાં ક્ષારનું પ્રમાણ વધુ છે જેથી પથરી અને હાડકાના રોગો થાય છે. સાથે જ પાણીજન્ય રોગો પણ થતા હોય છે. પરંતુ વરસાદી પાણી પીવાથી કોઈ રોગો થતા નથી. હાલ જમીનમાં ખેતરો મારફ્તે કેમીકલ્સ જતાં નાઈટ્રેટીવ પાણી થઈ ગયું છે ત્યારે વરસાદનું પાણી ઉત્તમ માનવામાં આવે છે.

આ અંગે રજનીભાઈ પટેલે જણાવ્યુ હતુ કે,વરસાદના પાણીનો સંગ્રહ કરવા ૧૩ હજાર લીટરનો ટાંકો બનાવવામાં આવ્યો છે.ચોમાસામાં ધાબા પર ભરાતુ પાણી પાઈપ લનઈન મારફ્તે રેતી


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ભરેલી કુંડીઓમાં ઠલવવામાં આવે છે.જુદા જુદા પ્રકારની રેતી ભરેલી ત્રણ કુંડીમાંથી પસાર થયા બાદ પાણી ફિલ્ટર બની ટાંકામાં જમા કરવામાં આવે છે.બાદમાં આખુ વર્ષ આ પાણીનો પીવા તરીકે અને રસોઈ બનાવવા ઉપયોગ કરવામાં આવે છે.નાનકડા હેન્ડપંપ વડે સવારમાં ટાંકામાંથી પાણીના માટલા ભરી દઈ ઘર વપરાશમાં આ જ પાણીનો ઉપયોગ છેલ્લા પાંચ વર્ષથી કરાઈ રહ્ના છે.ઘરે મહેમાન આવે તો પણ સંગ્રહ કરાયેલ વરસાદી પાણી આપવામાં આવે છે.

# સપનાનો રાજકુમાર મેળવવા જયા પાર્વતી વ્રતની આરાધના

મોડાસા, તા. ૨૬

સોમવારે અષાઢ સુદ અગિયારસ જેને દેવશયની કે દેવપોઢી અગિયારસ પણ કહેવામાં આવે છે. દેવપોઢી અગિયારસ બાદ મોટાભાગે જમીનને લગતા સહિત શુભ કાર્યો માટે ચાર માસ સુધી બ્રેક લાગી જાય છે.

સોમવારથી ગૌરીવ્રતનો -ારંભ થતા ધાર્મિક કાર્યો સહિત ચાતુર્માસનો પણ -ારંભ થઈ રહ્ના છે. ગૌરીવ્રતનો -ારંભ થતા શિવાલયો કુમારીકાઓથી ઉભરાવા લાગે છે. ગૌરીવ્રતનો -ારંભ થતાની સાથે જ બાલિકાનો શિવજીના મંદિરે જઈ પુજન અર્ચન કરે છે. સપનાનો રાજ કુમાર મેળવવા જયા પાર્વતીના વ્રતની આરાધના કરતા કુમારીકાઓ અવનવા વસ્રો પરિધાન કરી રૂમઝુમ કરતી દેવમંદિરે જતી બાલિકાઓનુ દ્રશ્ય અનોખુ ધાર્મિક વાતાવરણ પેદા કરે છે. ચાર દિવસ પહેલા પાંચ અલગ અલગ ધાન્ય ના દાણા વાવી જવારા ઉગારવામાં આવે છે. સોમવારથી નાની બાલિકાઓ માટેના ગૌરીવ્રતનો -ાર ંભ થઈ રહ્ના છે. સોમવારથી -ારંભ થઈ રહેલ ગૌરીવ્રત અનુસંધાને હિંમતનગર પાલિકા દ્વારા એમ્યુઝમેન્ટ પાર્ક ખાતે વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યુ છે.

# સૂકામેવાના ભાવમાં સરેરાશ ૨૦ ટકા વધારો

મોડાસા, તા. ૨૬

ગૌરીવ્રત નજીક આવતા જ સુકામેવાના ભાવમાં ૨૦ ટકાનો વધારો થયો છે ગૌરીવ્રતના દિવસોમાં કુંવારીકાઓ અને યુવતીઓ વ્રતનો ઉપવાસ રાખી સૂકોમેવો આરોગતી હોય છે જેથી ગૌરીવ્રતના દિવસોમાં સૂકામેવાની માંગ આપો આપ વધી જતી હોય છે. જયારે જે યુવતીઓની સગાઈ નક્કી થઈ ગઈ હોય તેમના ઘરે પણ સાસરી પક્ષ તરફથી ખાઉના રૂપમાં સૂકો મેવો મોકલવામાં આવતો હોવાથી ગૌરીવ્રત શરૂ થાય તે અગાઉ સૂકામેવાના ભાવ વધ્યા છે. જયારે અંજીર, જલદારૂ અને અખરોટના ભાવ બમણા થયા છે. ગૌરીવ્રતને ધ્યાનમાં રાખી વેપારીઓએ સૂકુ ટોપરૂ, ખારેક, જલદારૂ, અખરોટ, રાંયણ, મુક્તિ, કાજુ, અંજીર, બદામ, રેવડી સહિતની ચીજવસ્તુઓની અત્યારથી ખરીદી શરૂ કરી માલ સ્ટોક કરી લીધો છે.